કચરા પ્રોસેસિંગ માટે તાકીદે નવાં ટેન્ડર ઇસ્યુ કરવા મ્યુ.કમિશનરનો આદેશ

કચરા કૌભાંડ: એન્વાયરો ઈજનેરને શો-કોઝ

ઇજારદાર સી.ડી. ટ્રાન્સપોર્ટને 2.5 કરોડ દંડ કરાયો

કાર્યપાલકને પણ શો-કોઝ નોટિસ

સુરતઃ મહુવાના કાંકરીયા ગામે ખજાદ ડીસ્પોઝલ સાઇડમાં સોલિડ વેસ્ટ ઠાલવવાના પ્રકરણમાં સુરત મનપાને શરમજનક સ્થિતિમાં મૂકનારા ઈજારદાર સીડી ટ્રાન્સપોર્ટ સામે મનપા કમિશનરે આખરે શિક્ષાત્મક કાર્યવાહીનો કોરડો વિંઝ્યો છે. એજન્સીને અઢી કરોડનો દંડ ફટકારાયો છે. આ સાથે અગાઉ નાના કર્મચારીઓને શો કોઝ નોટિસ ફટકારાયા બાદ હવે જેની આ કૌભાંડમાં શંકાસ્પદ ભુમિકા છે તે એનવાયરો એન્જિનીયર શરદ કાકલોતર તેમજ કચરાના પ્રોસેસીંગ માટેની સી.ડી.ટ્રાન્સપોર્ટના ઈજારાની મુદત પુરી થતી હોવા છતા ટેન્ડર પ્રક્રિયામાં વિલંબ કરવા બદલ કાર્યપાલક ઈજનેર રાકેશ મોદીને શો-કોઝ નોટિસ ફટકારી 15 દિવસમાં ખુલાસો માંગ્યો છે. સાથે સાથે નવા ટેન્ડર ઈસ્યુ પણ કરી દેવાયા છે. જો કે આ કાર્યવાહી હીમશિલાની ટોચ માત્ર મનાઈ રહી છે. ઈજારદાર અને અધિકારીઓના રાજકીય આકાઓના ભીનું સંકેલી લેવાના ધમપછાડા વચ્ચે હજુ પણ આ પ્રકરણમાં આકરી કાર્યવાહીના ભણકારા વાગી રહ્યા છે.

એજન્સીને માત્ર 10 લાખના નાટકથી કમિશનર ખફા : 2.5 કરોડનો દંડ ફટકાર્યો

સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા રાજકીય છત્રછાયા ધરાવતા ઇજારદાર સી.ડી. ટ્રાન્સપોર્ટને માત્ર 10 લાખ રૂપિયાનો દંડ કરી ભીનું સંકેલવા પ્રયાસ થયો હતો. જો કે સમગ્ર વિવાદમાં મનપાની પ્રતિષ્ઠા દાવ પર લાગી હોવાથી રાજકીય દબાણ વચ્ચે પણ મનપા કમિશનર શાલિની અગ્રવાલે દાખલારૂપ નિર્ણય લઇને ઇજારદાર સીડી ટ્રાન્સપોર્ટને 2.5 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા આ અંગે પેનલ્ટીની નોટિસ પણ ઇજારદારને ઇશ્યુ કરી દેવામાં આવી છે. 3 વર્ષના કોન્ટ્રાક્ટ દરમિયાન કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટના પાપે મનપા તંત્રએ ઘણી વખત ફિક્સમાં મૂકાવાની નોબત આવી છે. આમ છતાં, રાજકીય કૃપા-દૃષ્ટિને કારણે વહીવટી તંત્ર બીચારું બની ગયું હતું. જો કે, મનપા કમિ. શાલિની અગ્રવાલે સમગ્ર પ્રકરણમાં મનપાની ભારે ફજેતી થઇ હોવાથી રાજકીય દબાણ છતાં સામા પ્રવાહે ઇજારદાર એજન્સી સામે વધુ કડક પગલાં ભરવાનું નક્કી કર્યું છે.

તાકીદના ધોરણે નવાં ટેન્ડર ઇશ્યુ કરવા આદેશ

એજન્સીનો કોન્ટ્રાક્ટ ગત 5 જાન્યુઆરીના રોજ પૂર્ણ થઇ ગયો છે. મનપા કમિ.એ તાત્કાલિક બીજી વખત ટેન્ડર ઇશ્યુ કરવાની સૂચના આપી છે. આગામી એક-બે દિવસમાં સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ માટેનું નવું ટેન્ડર ઇશ્યુ થઇ શકે છે. નોંધનીય છે કે, સોલિડ વેસ્ટ પ્રોસેસિંગનાં નવા કોન્ટ્રાક્ટ માટે તંત્ર દ્વારા દોઢ-બે માસ પૂર્વે એક વખત ટેન્ડર ઇશ્યુ કરાયું હતું, પરંતુ એકપણ બીડ આવી નથી. તંત્ર દ્વારા તાત્કાલિક બીજી વખત ટેન્ડર ઇશ્યુ કરાયા ન હતા અને કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થતા નવી વ્યવસ્થા ઊભી ન થાય ત્યાં સુધી વર્તમાન કોન્ટ્રાક્ટની મુદત વધારવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. જો કે, આજે મનપા કમિ.ની સૂચનાથી બીજી વખત સોલિડ વેસ્ટ પ્રોસેસિંગના કોન્ટ્રાક્ટ માટેના ટેન્ડર બહાર પાડવાની કવાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજ્યની તમામ મનપાના કમિશનરોને શાલિની અગ્રવાલની જેમ ફિલ્ડમાં ઊતરવા સરકારનું સૂચન

થોડા દિવસો પૂર્વે ડુમસ સી-ફેસ પ્રોજેક્ટની સાઇટ વિઝીટ દરમિયાન ઢીમી કામગીરીને પગલે અને અન્ય અનિયમિતતાઓ ધ્યાને આવતા મનપા કમિ.એ ઇજારદાર એજન્સીને 3 કરોડ રૂપિયાની પેનલ્ટી ફટકારી હતી. એજન્સી મેયરની અધ્યક્ષતામાં મળેલી સંકલન બેઠકમાં આપવામાં આવેલી બાંહેધરીનો અમલ કરવામાં પણ નિષ્ફળ રહી હતી. પરિણામે મનપા કમિ.એ દાખલારૂપ નિર્ણય લીધો હતો. મનપા કમિ. ના સ્થળ વિઝીટ કરી ઇજારદાર સામે કરવામાં આવેલી કાર્યવાહીની નોંધ સરકાર સ્તરે પણ લેવામાં આવી હતી. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થૈન્નારાસને સંકલન બેઠકમાં રાજ્યના તમામ મનપા કમિશનરોને સુરત મનપા કમિ.ની જેમ ફિલ્ડમાં ઉતરવાની અને કામગીરીમાં બેદરકાર કોન્ટ્રાક્ટરો સામે દાખલારૂપ કામગીરી કરવા સૂચન કર્યું હતું.

શો-કોઝ નોટિસમાં કયા અધિકારીને કયા કયા સવાલો પુછાયા ?

કચરો ભરેલી 112 ટ્રક સાઇટની બહાર કેવી રીતે ગઇ? : એન્વાયરો એન્જિનિયર કાકલોતરનો ખુલાસો મંગાયો

કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટ દ્વારા કાંકરીયા ગામે સોલિડ વેસ્ટ ઠાલવવાના પ્રકરણમાં અગાઉ જવાબદાર અધિકારીઓએ નાના કર્મચારીઓ આસિસ્ટન્ટ ઇજનેર (મિકેનિકલ) તથા એસઆઇ, એસએસઆઇને શો-કોઝ નોટિસ ફટકારી ભીનું સંકેલવા પ્રયત્ન કર્યો હતો. જો કે ખજોદ ડિસ્પોઝલ સાઇટ પરથી પ્રોસેસિંગ બાદ બનનારી બાય પ્રોડક્ટ ભરેલી ટ્રક જ કેમ્પસની બહાર જઇ શકે છે. વિધિવત દરેક બહાર જતા વાહનોની આઉટવર્ડ રજીસ્ટરમાં એન્ટ્રી થાય છે. આમ છતાં, 112 જેટલી કચરો ભરેલી ટ્રકો ડિસ્પોઝલ સાઇટ પરથી કેવી રીતે બહાર ગઇ? તે સૌથી મોટો પ્રશ્ન છે. તેથી મનપા કમિ. ની સૂચનાથી સોલિડ વેસ્ટ મેનેજર (એન્વાયરો એન્જીનીયર) શરદ કાકલોતરને પણ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે. ખજાદ ડિસ્પોઝલ સાઇટ પર થતી કામગીરી અંગે મુખ્ય દેખરેખની જવાબદારી સોલિડ વેસ્ટ મેનેજર કાકલોતરની રહે છે.

ઇજારો પૂર્ણ થવાનો હોવા છતાં આગોતરી ટેન્ડર પ્રક્રિયા કેમ ના થઇ? : કાર્યપાલક રાકેશ મોદીને શો-કોઝ

ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર સોલિડ વેસ્ટના પ્રોસેસિંગ અને વૈજ્ઞાનિક ઢબે નિકાલનો ત્રણ વર્ષનો 213 કરોડનો મલાઇદાર કોન્ટ્રાક્ટ લેનાર એજન્સી સીડી ટ્રાન્સપોર્ટના ઇજારાને ત્રણ વર્ષની મુદત ગત 5 જાન્યુઆરીના રોજ પૂર્ણ થઇ ગઇ છે. આ લાપરવાહ કોન્ટ્રાક્ટરની મુદત પૂર્ણ થવાના એક-દોઢ માસ પૂર્વે વિભાગ દ્વારા નવા કોન્ટ્રાક્ટરને શોધવા પ્રથમ વખત ટેન્ડર ઇશ્યુ કરાયા હતા. સામાન્ય રીતે મોટો ખર્ચ ધરાવતા કોન્ટ્રાક્ટોના કિસ્સામાં વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થવાના 6 માસ પૂર્વેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે, પરંતુ સી.ડી. ટ્રાન્સપોર્ટના પ્રકરણમાં વિભાગે ટેન્ડર પ્રક્રિયામાં ભીનું સંકેલ્યું હોવાનું સ્પષ્ટ રીતે નજરે પડી રહ્યું હોય આ ઇજારામાં નવા ટેન્ડર માટેની પ્રક્રિયા છ માસ પહેલા કેમ હાથ ધરવામાં ન આવી? તે અંગે ખુલાસો કરવા સોલિડ વેસ્ટ એન્ડ પ્રોસેસિંગ વિભાગના વિભાગીય વડા-કાર્યપાલક ઇજનેર રાકેશ મોદીને શો-કોઝ નોટિસ ફટકારી છે.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી. ગોએન્કા સ્કૂલને વાર્ષિક સમારોહ માટે ચાર રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા

સુરતઃ સુરતની જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલે તેના ભવ્ય વાર્ષિક સમારોહ માટે ચાર પ્રતિષ્ઠિત વિશ્વ અને રાષ્ટ્રીય રેકોર્ડ પુરસ્કારો મેળવીને ઇતિહાસ રચ્યો છે. જે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ હતો જેમાં 1600 થી વધુ વિદ્યાર્થીઓએ એક ભવ્ય પ્લેટફોર્મ પર એકસાથે પ્રદર્શન કરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જે ચાર પુરસ્કારો મળ્યા તેમાં યુએન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, ફોર્બ્સ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, ઇન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ તેમજ ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સનો સમાવેશ થાય છે.

AURO યુનિ.-INFLIBNET સેન્ટર દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન

સુરતઃ AURO યુનિવર્સિટી, સુરતના પી.એચ.ડી. સેલ દ્વારા INFLIBNET સેન્ટર (UGC) ના સહયોગથી 'શોધયક્રઃ તાલીમ અને જાગૃતિ કાર્યક્રમ'નું સફળ આયોજન શુક્રવાર, 9 જાન્યુઆરી 2026ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક ક્ષેત્રમાંથી કુલ 185થી વધુ પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં AURO યુનિવર્સિટી બહારની શૈક્ષણિક સંસ્થાઓમાંથી 120 અધ્યાપકો અને સંશોધનાર્થીઓ તેમજ AURO યુનિવર્સિટી, સુરતના 65 શૈક્ષણિક સભ્યોનો સમાવેશ થયો હતો. કાર્યક્રમના મુખ્ય સંરક્ષક તરીકે હસમુખ પી. રામા, સ્થાપક અધ્યક્ષ, AURO યુનિવર્સિટી, તેમજ સંરક્ષક તરીકે પ્રોફેસર પરિમલ એચ. વ્યાસ, પ્રોવોસ્ટ અને કુલપતિ, AURO યુનિવર્સિટી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પ્રોફેસર દેવિકા મડલી, ડિરેક્ટર, INFLIBNETના માર્ગદર્શનથી કાર્યક્રમને વિશેષ શૈક્ષણિક દિશા પ્રાપ્ત થઈ. કાર્યશાળામાં ડો. ધર્મેશ શાહ, સાયન્ટિસ્ટ-બી (CS), INFLIBNETએ સત્રનું આયોજન કર્યું હતું.

વનિતા વિશ્રામ મહિલા યુનિ. ખાતે આરોગ્ય જાગૃતિ સત્ર

સુરતઃ આજે સુરત સ્થિત વામા વેલનેસ સેન્ટરના ગાયનેકોલોજિસ્ટ એન્ડ આઈવીએફ એક્સપર્ટ ડો. રૂપાલ શાહ અને એડોલેસન્ટ ફિઝિશિયન ડો. દીપા પટેલ દ્વારા વનિતા વિશ્રામ મહિલા યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આયોજિત આરોગ્ય જાગૃતિ સત્રમાં લગભગ ૩૫૦ જેટલા કોલેજ વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોને ને શારીરિક અને માનસિક આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું. આ મહત્વપૂર્ણ તક માટે ચેરપર્સન શ્રીમતી વિનિતા મોદ, કોર્ડિનેટર ડો. શિલ્પા અગ્રવાલ અને માનનીય પ્રોવોસ્ટ ડો. દક્ષેશ પારેખે ઘણી જહેમત ઉઠાવી હતી. ડો. રૂપલે કોલેજ વિદ્યાર્થિનીઓમાં જોવા મળતી માસિક ધર્મની સમસ્યાઓ, મેન્સ્ટ્રુઅલ હાઇજીન સ્વચ્છતા અને રિપ્રોડક્ટિવ એટલે કે પ્રજનન સ્વાસ્થ્ય અંગે પણ યુનિવર્સિટી ની વિદ્યાર્થિનીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી. જ્યારે એડોલેસન્ટ ફિઝિશિયન ડો. દીપાએ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવથી કેવી રીતે મુક્ત રહેવું, આત્મવિશ્વાસ જાળવવો અને એક્ઝામ એન્ઝાયટીનો સામનો કેવી રીતે કરવો તે વિષે ઉપયોગી માર્ગદર્શન આપ્યું.

ચેક રિટર્નમાં ચેકનાં નાણાં, વ્યાજ અને છ માસની કેદની સજાનો આદેશ

સુરતઃ સુડામાં દુકાન એલોટ કરાવી આપવાના વાયદા કરીને હિતેશ રામુભાઈ ગામિતે ભુપેન્દ્ર સિંહ પાસેથી 18 લાખ રૂપિયા લીધા હતા અને બાદમાં દુકાન નહીં આપી શકતાં ભુપેન્દ્રસિંહે નાણાં પાછા માંગતી હિતેશ ગામીતે ચેક આપ્યા હતા. જે રિટર્ન થતાં નાગેન્દ્ર જે. સિંહ મારફત કોર્ટ કેસ કરાયો હતો. જેમાં કોર્ટે હિતેશ ગામિતને ચેકની રકમ, તેની પર 6 ટકા વ્યાજ અને છ માસની કેદની સજાનો આદેશ કર્યો હતો.

SVNITના એન્યુઅલ કન્વેન્શનમાં 31 કરોડથી વધુના દાનની જાહેરાત

સુરતઃ સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT) ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને એન્જિનિયરોની એલ્મની એસોસિએશન (SVNITAA) દ્વારા કેમ્પસમાં 21મું ગ્રાન્ડ એન્યુઅલ કન્વેન્શન ભવ્ય રીતે યોજાયું હતું. સાથે ગોલ્ડન જ્યુબિલી (1976-2026) અને સિલ્વર જ્યુબિલી પૂર્ણ કરનારા બેચનું વિશેષ કન્વેન્શન પણ યોજાયું હતું. કન્વેન્શન દરમિયાન કુલ્લે રૂ. 31 કરોડથી વધુ દાનની જાહેરાત થઈ હતી. ડો. અરવિંદભાઈ લાપસીવાલાએ ક્લાસરૂમ કોમ્પ્લેક્સ માટે રૂ. 25 કરોડ, SVNITAAના સ્થાપક પ્રમુખ ભદ્રેશભાઈ શાહે મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના મકાન માટે રૂ. 5 કરોડ અને એલએન ઇન્સ્ટિટ્યૂટના નવીન મહેશ્વરીએ ફૂડ કોર્ટ માટે રૂ. 51 લાખનું દાન જાહેર કર્યું હતું.

મોઢ પટણી સમાજની વિવિધ સંસ્થાઓના ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ

સુરત : શહેરમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે મોઢ પટણી સમાજ ટ્રસ્ટ, શ્રી મોઢ પટણી ધર્માદા ટ્રસ્ટ અને શ્રી મોઢ પટણી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સુરત રક્તદાન કેન્દ્રના ટેક્નિકલ સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના યુવાનો અને અગ્રણીઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે કુલ 105 રક્તદાતાઓએ રક્તદાન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ત્રણેય સંસ્થાના પ્રમુખ મનોજકુમાર લોટવાલા સહિત મંત્રીઓ મુકેશભાઈ લાકડાવાલા, રોહિતભાઈ ગાંગડવાલા, જગદીશભાઈ આરીવાલા, વસંતભાઈ જરીવાલા અને ઈશ્વરભાઈ ગાંધીએ જહેમત ઉઠાવી હતી. તમામ ટ્રસ્ટીઓ અને ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલી આ શિબિરના અંતે આયોજકો દ્વારા સુરત રક્તદાન કેન્દ્રના ડોક્ટરો અને મેડિકલ સ્ટાફનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રિજિયોનલ ડાયરેક્ટ ટેક્ષ એડ્વાઇઝરી કમિટીમાં નિખિલ મદ્રાસીની પસંદગી

સુરતઃ ભારત સરકારના નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગ દ્વારા ગુજરાત તેમજ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશ માટે રિજીયોનલ ડાયરેક્ટ ટેક્ષ એડવાઇઝરી કમિટી (RDTAC)માં ટ્રેડ પ્રતિનિધિ તરીકે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ નિખિલ મદ્રાસીની નિમણૂંક કરવામાં આવી છે.

કેબલ સ્ટેઇડ બ્રિજની એક તરફની એલઇડી લાઇટ બંધ

કેબલ સ્ટેઇડ બ્રિજ બન્યો ત્યારથી એલઇડી લાઇટના કારણે વારંવાર વિવાદમાં આવી રહ્યો છે. ત્યારે હવે તેની એક તરફની એલઇડીની આખી સિરિઝ જ બંધ થઇ ગઇ છે. જેના કારણે અંધારપટ છવાઇ જાય છે. **(તસવીર : હેમંત ડેરે)**

MD કેસ: લેબ માલિક ઈશા અણઘણને SOGનું તેડું

લેબના લાઈસન્સ અને કરારો સાથે બપોરે 12 વાગ્યે ઈશાને હાજર થવા ફરમાન

માસ્ટર માઈન્ડ જનક જાગાણી સાથેના સંબંધો અંગે પણ તપાસ

સુરતઃ પરવટ પર 'ડીક્રીયા ફૂડ એન્ડ ફાર્મા એનાલિટીકલ લેબોરેટરી'માં રિસર્ચના ઓથા હેઠળ એમ.ડી. ડ્રગ્સ બનાવવાનું જે કૌભાંડ ઝડપાયું છે, તેમાં હવે તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. SOG એ આ મામલે લેબના સંચાલક અને લક્ઝરી એસોસિએશનના પ્રમુખ દિનેશ અણઘણની પુત્રી ઈશા અણઘણની ભૂમિકાની તપાસ શરૂ કરી છે. ઈશાને શનિવારે બપોરે 12 વાગ્યે લેબના લાયસન્સ અને કરારના કાગળો સાથે SOG સમક્ષ હાજર થવા નોટિસ પાઠવવામાં આવી છે. સમગ્ર પ્રકરણની પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે, આ આખા રેકેટનો માસ્ટર માઈન્ડ જનક જાગાણી છે, જે હાલ લંડનમાં રહે છે. જનક અને ઈશા માલીબા કોલેજમાં સાથે અભ્યાસ કરતા હતા. જનકના કહેવાથી જ ઈશાએ લેબોરેટરીનો અમુક ભાગ બ્રિજેશ ભાલોડીયાને ભાડે આપ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિવાદ વકરતા જ ઈશા દિલ્હી રવાના થઈ ગઈ હતી, પરંતુ હવે પોલીસે તેને પૂછપરછ માટે બોલાવી છે. તપાસ અધિકારીઓ ઈશા પાસેથી લંડન સાથેના નાણાકીય વ્યવહારો અને લેબના કાયદેસરના લાયસન્સ અંગેની વિગતો મેળવશે. લેબના સીસીટીવી ફૂટેજના આધારે પણ ઈશાની પૂછપરછમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે.

મુખ્ય આરોપી બ્રિજેશ ભાલોડીયા સચિન જીઆઈડીસીની જાણીતી 'એથર' કંપનીમાં સિનિયર કેમિસ્ટ તરીકે કામ કરતો હતો. તે કંપનીમાંથી ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કેમિકલની ચોરી કરતો હોવાનું બહાર આવ્યું છે. ગતરોજ પોલીસ તેને એથર કંપનીમાં લઈ ગઈ હતી, જ્યાં તેણે કેમિકલ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી કબૂલી હતી.

ત્રણ આરોપીના રિમાન્ડ પૂરા થતાં જેલભેગા કરાયા

ડ્રગ્સના આ આંતરરાષ્ટ્રીય કનેક્શનને જોતા ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) અને એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) પણ સક્રિય થઈ છે. IBના અધિકારીઓએ ગઈકાલે ઝડપાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરી હતી, જ્યારે ATSએ SOG પાસે આ કેસની તમામ વિગતો માંગી છે. આ કેસમાં ઝડપાયેલા જીલ ઠુમ્મર, ખુશાલ રાણપરિયા અને ભરત ઉર્ફે ભાણો લાઠીયાના રિમાન્ડ પૂર્ણ થતા આજે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને લાજપોર જેલ ભેગા કરવાનો આદેશ કરાયો છે. પોલીસે આ તમામના કોલ ડિટેઈલ રેકોર્ડ્સ (CDR) અને બેંક ટ્રાન્ઝેક્શનની તપાસ શરૂ કરી છે, જેથી આ નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે તેનો પર્દાફાશ થઈ શકે.

એથર કંપની માંથી બ્રિજેશનો એપોઇન્ટમેન્ટ લેટર કબજે લેવાયો

પોલીસે એમડી ડ્રગ કેસના આરોપીના બેંક ટ્રાન્ઝેકશન ચેક કર્યા હતા. જેમાં મુખ્ય આરોપી જીલ ઠુમ્મર અને ખુશાલ વચ્ચે 1.12લાખ જીલ અને જનક જાગાણી વચ્ચે 1.22લાખ, જીલ અને ભરત વચ્ચે 46 હજાર મળી 2.80 લાખના બેંક ટ્રાન્ઝેક્શનનો તપાસમાં મળી આવ્યા છે. જ્યારે બ્રીજેશને એથર કંપનીમાં તપાસ કરતા તેના એપોઇન્ટમેન્ટ લેટર જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં તેણે રજૂ કરેલા અનુભવ ના સર્ટિફિકેટ પણ પોલીસે જપ્ત કર્યા છે.જે તમામ મામલે પોલીસ વધુ ચકાસણી પોલીસ આગામી દિવસોમાં કરશે

6 મહિને પણ પેમેન્ટ નહીં કરતા વેપારીના નામની જાહેરાત કરાશે

FOSTTA Forum App પર બાકીદારોની યાદી અપલોડ કરવા પણ સૂચન

સૂરતઃ સૂરત ટેક્સટાઇલ માર્કેટના વેપારીઓની એક મહત્વપૂર્ણ બેઠક આજે બપોરે ફેડરેશન ઓફ સૂરત ટ્રેડ એન્ડ ટેક્સટાઇલ એસોસિએશન (FOSTTA)ના કાર્યાલય ખાતે યોજાઈ હતી. બેઠકમાં રિટર્ન ગુડ્ઝ તથા 180 દિવસથી વધુ સમયથી અટકેલી ચુકવણી અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું કે જો ઓર્ડર મુજબ મોકલાયેલ માલો પરત કરવામાં આવે અથવા ચૂકવણી અટકાવવામાં આવે અને 180 દિવસની અંદર ચૂકવણી કરવામાં ન આવે, તો એવો પરત કરાયેલો માલ અમાન્ય ગણાશે. આવા વેપારીઓના નામો FOSTTA Forum App પર અપલોડ કરવામાં આવશે. બેઠકમાં FOSTTAના પ્રમુખ કૈલાશ હકીમ, મહામંત્રી દિનેશ કટારિયા સહિત અગ્રણી વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રાહક આયોગના બે પ્રમુખની મુદત વધારાઈ

નિવૃત્તિ તારીખથી વધુમાં વધુ એક વર્ષ સુધી પ્રમુખોને ફરજ પર ચાલુ રાખવા સરકારનો નિર્ણય

સુરતઃ આજે સુરતના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગના બે પ્રમુખની મુદતમાં વધારો કરી દીધો છે. રાજ્યના ખોરાક, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગે મહત્વની આ સૂચના જાહેર કરી છે.

સુપ્રીમ કોર્ટના 21 મે 2025ના ચુકાદા અનુસાર ગુજરાત સરકાર દ્વારા જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગના પ્રમુખોની સેવા મુદત લંબાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આજે જારી કરાયેલા નોટિફીકેશન મુજબ નિયમિત નિમણૂક ન થાય ત્યાં સુધી અથવા સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા સંશોધિત નિયમો અમલમાં ન આવે ત્યાં સુધી અથવા નિવૃત્તિ તારીખથી વધુમાં વધુ એક વર્ષ સુધી પ્રમુખોને ફરજ પર ચાલુ રાખવામાં આવશે.

મુદત લંબાવાયેલા પ્રમુખો

» વિણ પુરુષોત્તમદાસ મેખિયા પ્રમુખ, જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, સુરત (મુખ્ય) નિવૃત્તિ તારીખ: 13-11-2025

» મનુભાઈ હરિભાઈ પટેલ પ્રમુખ, જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, ભરૂચ નિવૃત્તિ તારીખ: 14-01-2026

» રાજેશ લાલજીભાઈ ઠક્કર પ્રમુખ, જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, સુરત (અતિરિક્ત) નિવૃત્તિ તારીખ: 31-12-2025

સિવિલમાંથી બાળકીને કીડનેપ કરનારને 1 વર્ષની કેદ

પુત્ર પ્રાપ્તિની ઝંખનામાં નવાગામ ડિંડોલીની મહિલા, પરિવારનો વિશ્વાસ કેળવી બાળકને લઈ ભાગી ગઈ હતી

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાંથી નવજાત બાળકને ઉઠાવી જનાર નવાગામ ડીંડોલીની આરોપી રાધાને એડિશનલ સેશન્સ કોર્ટે એક વર્ષની સજા ફટકારી છે.

કેસની હકીકત એવી છે કે, નવાગામ લક્ષ્મી નારાયણ સોસાયટીમાં રહેતી આ કામની આરોપી રાધા રાજુ રૂપકાંત ઝાને સંતાનસુખ પ્રાપ્ત થતું ન હતું. ગત ૨૧.૦૩.૨૦૨૫ના રોજ આરોપી રાધાને નવી સિવિલ હોસ્પીટલ ખાતે ગાયનેક વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ફરીયાદીના પત્ની પણ પોતાની પ્રથમ પ્રસુતિ હોવાથી બાજુના બેડ પર દાખલ હતી. ફરીયાદીની પત્નીએ તંદુરસ્ત પુત્રને જન્મ આપ્યો હતો. બાળકની તબિયત ચકાસવા સારૂ બાળકને પહેલા માળે NICU વોર્ડમાં લઇ જવામાં આવ્યો હતો. ત્યાંથી આરોપી રાધાએ સંતાન પ્રાપ્તિની ઇચ્છા સંતોષવા નવજાત બાળકનું અપહરણ કરી અને કપડાની થેલીમાં લઇ જઇ આ બાળક મૃત્યુ પામે તેવી હાલતમાં પોતાના ઘરે લઇ જઇ બાળકને છુપાવી દીધું હતું. આ અંગેની ફરિયાદ ખટોદરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હતો. જ્યારે ફરિયાદ પક્ષે સરકારી વકીલ એસ કે ગોહિલ ફરિયાદ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા. સંપૂર્ણ સુનાવણી બાદ કોર્ટે રાધાને એક વર્ષની સજા કરી છે.

સિવિલ હોસ્પિટલનાં સીસીટીવી ફૂટેજનાં આધારે મહિલા ઝડપાઇ હતી

નવી સિવિલ હોસ્પિટલનાં સીસીટીવી ફૂટેજમાં આરોપી મહિલા પરિવાર સાથે, બાળકને રમાડતી તેમજ બાળકને લઈ જતાં નજરે પડી હતી. તેમજ બહાર નીકળતાં થેલા સાથે દેખાતી હતી. પાંચ જેટલાં સીસીટીવી ફૂટેજનાં આધારે પોલીસે આરોપી મહિલાને ઝડપી પાડી હતી અને બાળકને હેમખેમ માતાપિતાને સુપરત કર્યું હતું.

દંપતી સાથે ફ્રોડ કરનારા આરોપીનો આગોતરા મંજૂર

સુરતઃ દંપતી સાથે ફ્રોડ કરનારા આરોપીના આગોતરા જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા છે. ઓકટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં આરોપી મંજુએ શેર બજારમાં રોકાણ કરવાનું કહીને ફરિયાદી અને તેની પત્નીનુ બેંક એકાઉન્ટ ઓપરેટ કરી ઓનલાઈન ઠગાઈ કરી હતી.

લીંબાયત પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ સાયબર ફ્રોડ અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં આરોપીએ ધરપકડથી બચવા સેશન્સ કોર્ટમાં એડવોકેટ અનીસ શેખ મારફતે આગોતરા જામીનઅરજી કરી હતી. ફરિયાદ પક્ષ દ્વારા જામીનઅરજીનો વિરોધ કરતી એફિડેવિટ રજૂ કરાઈ હતી. સુરત સેશન્સ કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળી આગોતરા જામીનઅરજી મંજૂર કરી છે.